# કુમુદ : સાહિત્ય અને સિનેમાનું સામંજસ્ય
## (સરસ્વતીચંદ્ર : નવલકથા અને સિનેમાના સંદર્ભે)

પ્રા. વૈશાલી જે. ધોળકિયા
(ગુજરાતી સાહિત્ય વિભાગ)
મે. બ. પટેલ રાષ્ટ્રભાષા મહાવિદ્યાલય,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાકાવ્યસમી મહાનવલ 'સરસ્વતીચંદ્ર' યશોદાયી કૃતિ છે. તેનું એક કારણ તેમાં સર્જકે એક પડખે રામાયણ સેવ્યું છે અને બીજે પડખે મહાભારત. આ કૃતિએ સંસ્કૃતિ સમન્વય, ભારતીયતા અને કલ્યાણ કામનાના ધ્યેય આંબ્યા છે. પંદર વર્ષે પૂર્ણાહુતિ પામેલી, આશરે અઢારસો પાનામાં વિસ્તરેલી આ નવલકથામાં રાજકારણની ઉથલપાથલો છે, તત્વજ્ઞાનની ગહનતા છે, ભાષાની ગમ્મત છે, ખૂબ ગાંભીર્ય અને ગૂઢાર્થો છે, મંત્ર-શ્લોકો છે અને વાસ્તવિક ઉપયોગી હકીકતો છે. ગોવર્ધનરામ ત્રિપાઠી 'સરસ્વતીચન્દ્ર' નવલકથામાં પાત્રોના આંતરચેતનાના પ્રવાહને નિરૂપી, પાત્રોનું મનોજગત ખોલી દઈને અગમ્ય સૃષ્ટિના અનોખા દર્શન કરાવે છે.

ગોવર્ધનરામ ત્રિપાઠી આર્ષદૃષ્ટા છે. પોતાની પ્રતિભા દ્વારા મહાનવલને સીંચી છે. એના મૂળિયાં પૂર્વ-પશ્ચિમના સારા-નરસા પાસાના સમન્વયમાં છે. આ નવલકથાની સૃષ્ટિ અદ્ભુત છે. ચાર ભાગમાં લખાયેલી આ નવલકથા અનુક્રમે ભાગ ૧લો : 'બુદ્ધિધનનો કારભાર' : પ્રકરણ-૨૧, ઈ.સ. ૧૮૮૭, ભાગ ૨જો : 'ગુણસુંદરીનું કુટુંબજાળ' : પ્રકરણ-૧૧, ઈ.સ. ૧૮૯૨, ભાગ ૩જો : 'રત્નનગરીનું રાજ્યતંત્ર' : પ્રકરણ-૧૫, ઈ.સ.૧૮૯૮, ભાગ ૪થો : 'સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય' : પ્રકરણ-૫૨, ઈ.સ.૧૯૦૧ પ્રકાશિત થાય છે.

ગોવર્ધનરામની નવલકથા પરથી સિને સર્જક ગોવિંદ સરૈયા ઈ.સ. ૧૯૬૮માં ફિચર ફિલ્મ બનાવે છે. સંસ્કૃતિ-સમન્વય વ્યક્તિ તરીકે ગોવર્ધનરામ ત્રિપાઠીનો પરમ આદર કરીએ, જેણે જગત-કાદંબરીઓમાં સ્થાન પામતી કૃતિ 'સરસ્વતીચન્દ્ર' ભારતીય સાહિત્ય જગતને ભેટ ધરી.

આ કૃતિને સિનેમાના માધ્યમમાં ઢાળવાનું શ્રેય શ્રી ગોવિંદ સરૈયાને ફાળે જાય. ગોવર્ધનરામ ત્રિપાઠીનો હૃદયમંત્ર ગોવિંદ સરૈયાએ સિનેમામાં અકબંધ રાખ્યો છે. અને સાહિત્ય કૃતિનો અર્ક ચાહકોને ચરણે ધર્યો છે. દિગ્દર્શક ગોવિંદ સરૈયાએ કળા નિમિત્તે બહુ મોટી બાથ ભીડી છે. પંદરથી વધુ ફિચર ફિલ્મ બનાવનારા, ૩૮થી વધુ દસ્તાવેજી, ચિત્રનું દિગ્દર્શન કરનારા ગોવિંદ સરૈયા 'સરસ્વતીચંદ્ર'ને બેવડા લાડ લડાવે છે. હિન્દીમાં 'સરસ્વતીચંદ્ર' સિનેમા બનાવી જે ઈ.સ. ૧૯૬૮માં પ્રદર્શિત થઈ. આ 'સરસ્વતીચંદ્ર' ફિલ્મમાં નવલકથાનો બીજો ભાગ 'ગુણસુંદરીનું કુટુંબજાળ'

લગભગ ગેરહાજર છે પરંતુ સિને સર્જક ગોવિંદ સરૈયા આ બીજા ભાગ પરથી ગુજરાતીમાં સ્વતંત્ર ફિલ્મ બનાવે છે. 'ગુણસુંદરીનો ઘરસંસાર' જે ઈ.સ. ૧૯૭૨માં પ્રદર્શિત થાય છે અને એ વર્ષનો શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો ફિલ્મફેર એવોર્ડ આ ફિલ્મને એનાયત થાય છે.

જ્યારે સાહિત્ય કૃતિ પરથી સિનેમાના રૂપાંતરની વાત આવે ત્યારે દિગ્દર્શક મૂળ કૃતિને જેવી છે તેવી જ સિનેમાના માધ્યમમાં ઢાળે છે, મૂળ કૃતિ સાહિત્યકૃતિમાંથી જરૂરી ચાળી-ગાળીને પોતાનું ઉમેરણ કરીને સિનેમામાં રૂપાંતરીત કરે, મૂળ કૃતિનો અર્ક લઈ, મૂળ કૃતિનું માત્ર હાર્દ લઈ લગભગ સ્વતંત્ર પ્રકારની સિનેમા બનાવે, અહીં ત્રણ દૃષ્ટિકોણ કેન્દ્રસ્થાને હોય. એક, જનમનરંજન અને લોકપ્રિયતા, બે મધ્યમમાર્ગ જ્યાં માત્ર રંજન કે લોકપ્રિયતા નથી પરંતુ કળાને કળાની રીતે સેવવાની ખેવના છે અને ત્રણ સાહિત્યકૃતિના હૃદયના ઊંડાણને ઉલેથીને તથા સિનેમાના માધ્યમને નડતા પ્રલોભનોનને બાજુએ રાખીને કૃતિની જટિલતાને પામવાનો.

દિગ્દર્શક ગોવિંદ સરૈયા આ નવલકથા પરથી સિનેમાનું નિર્માણ કરે છે. ત્યારે એ કૃતિને પામ્યા છે, એના જીવનમંત્રને એમણે આત્મસાત્ કર્યો છે. પણ સાથે સાથે કેટલીક નાટકીયતા અને મનોરંજનના તત્વને પણ આમેજ કર્યા છે. જે ઉદ્યોગની માંગ છે. છતાં માત્ર રંજન એ જ એમનું દૃષ્ટિબિંદુ નથી. નવલકથાની કથાનું હાર્દ સિનેમાએ યથાતથ્ ઝીલ્યું છે. એના ઘણા કારણોમાંનું એક કારણ છે. કુમુદના પાત્ર તરીકે નૂતનજીની પસંદગી.

ગોવિંદ સરૈયા માટે દિગ્દર્શક તરીકે સૌથી મોટો પડકાર તે પાત્રવરણીનો છે. કારણ ગોવર્ધનરામ ત્રિપાઠી નવલકથામાં પાત્રોની સંખ્યા દોઢસો ઉપરની થાય છે. એમાં સમાજના બધા જ થરના અને જીવનની બધી જ ભૂમિકાના પાત્રો આવી જાય છે. એમાં રાજાઓ છે, જુદા જુદા અમલદારો, ભાયાતો, ગોરા સાહેબો તેમજ શિરસ્તેદારો છે, શ્રીમંત કેળવાયેલાં ભાવનાશીલ યુવક-યુવતીઓ છે, પત્રકારો, વિદ્વાનો, કવિઓ, સાધુઓ અને બહારવટિઓ પણ છે. આમ ગોવર્ધનરામની પાત્રસૃષ્ટિ અત્યંત વિશાળ અને વૈવિધ્યસભર છે.

સરસ્વતીચંદ્ર, કુમુદ, કુસુમ, ગુણસુંદરી, વિદ્યાચતુર જેવા પાત્રોમાં ભાવના અને વાસ્તવિકતાનું મિશ્રણ છે. શઠરાય, તેની આસપાસનું કારભારી મંડળ, સંયુક્ત કુટુંબના ચંદ્રિકા, દુઃખબા, ધર્મલક્ષ્મી, સુંદર, માનચતુર વગેરે પાત્રો વાસ્તવિક છે. યદુશૃંગના સાધુ-સાધ્વીઓ આદર્શ અને ભાવનાશીલ પાત્રો છે. ગોવર્ધનરામ ત્રિપાઠીએ વ્યક્તિત્વના વિશિષ્ટ રંગે રંગાયેલા જાતિ ચિત્રો આપ્યાં છે.

સ્વાભાવિકપણે ગોવિંદ સરૈયાનો માયાલોક આ સઘળું ઝિલી ન શકે કારણ માધ્યમની મર્યાદા છે. પરંતુ સિનેમા રૂપાંતરની રીતે સાહિત્યની કેટલી નજીક કે દૂર છે અથવા તો એના કળા પદાર્થને પામવા કેટલી સક્ષમ છે કે પછી સિનેમાના કળા પદાર્થની તપાસ કરવી હોય ત્યારે પાત્રવરણી અત્યંત અગત્યનું પરિબળ પૂરવાર
અહીં શીર્ષક ભલે 'સરસ્વતીચંદ્ર' હોય પરંતુ કથાના કેન્દ્ર સમી કુમુદને બંને કળાના સર્જકોએ અદ્ભુત રીતે કંડારી છે. ગોવર્ધનરામની માનસપુત્રિકુમુદને સિનેસર્જક ગોવિંદ સરૈયાએ આબાદ રીતે ઝિલી છે.

- **ગોવર્ધનરામ ત્રિપાઠીની માનસપુત્રિકુમુદ**

શુદ્ધ પ્રેમ, સૌંદર્ય અને હિંદુ સ્ત્રીની કરૂણ કથા એટલે કુમુદની જીવનકથા.

મેધાવી પિતા અને ગુણિયલ માતાની પુત્રિકુમુદમાં માતા-પિતા બંનેના ગુણો ઊતર્યા છે. પિતાએ ઉત્તમ શિક્ષણ આપ્યું. ચૌદ પંદર વર્ષની થતાં તો કાલિદાસ, ભવભૂતિ, માઘ, વર્ડ્ઝવર્થ વગેરેનાં પુસ્તકો વાચતી અને સમજતી થઈ ગઈ. સુશીલતા, કોમળતા, માતાએ તેનામાં સીંચ્યાં અને કાકી સુંદરના ઉછેરથી એ નમ્ર બની.

સરસ્વતીચંદ્ર સાથે તેનો વિવાહ થતાં સુવર્ણ સાથે સુગંધનું મિશ્રણ થયું. આ સુખ લાંબુ ન ટક્યું સરસ્વતીચંદ્ર ઘરની સાથે એને પણ ત્યજી અને વિદ્યાચતુરે ઉતાવળમાં તેને પ્રમાદધન સાથે પરણાવી દીધી. કુમુદના હૃદયમાં ઘોર નિરાશા વ્યાપી વળી એક બાજુ એ પ્રમાદધનમય થવા પ્રયત્ન કરે છે, તો બીજી બાજુ એનું હૃદય 'સરસ્વતીચંદ્ર ! સરસ્વતીચંદ્ર!' પોકારી ઊઠે છે જે એને માટે ઝૂરી ઝૂરીને ભટકે છે એ સ્નેહીની થઈ શકતી નથી, મનને મારી મારી જેને વળગવા જાય છે એ સ્વામી તેનો થતો નથી. નથી એ સ્વામીની કે નથી સ્નેહીની આ ત્રિશંકુ દશા એના ચિત્તતંત્ર પર વારંવાર આઘાત કરે છે.

પ્રમાદધન અને કૃષ્ણકલિકાએ પોતાને વિશે ઘડી કાઢેલા પ્રત્યારોપની કથા વનલીલાના કાગળથી જ્યારે એ જાણે છે ત્યારે હદ થઈ જાય છે. રડતી, બળતી, ઝળતી એટલી તો વ્યગ્ર બની જાય છે કે નદીમાં જાતે પડી કે અકસ્માતે પડી કે કોઈએ ખેંચીને પાડી એ કશું સમજવા પામતી નથી.

**(૧) વિદ્યાચતુરની પુત્રિ**

'એક પ્રખ્યાત વિદ્વાને માણસને દરજીની ઉપમા આપી છે. સૌ સૌને પોતાના જેવાં બને તો પોતે સીવેલાં કપડાં પહેરાવવા ઈચ્છે છે. વિદ્યાનો પણ એક સાધારણ નિયમ એવો છે કે ભણેલા સૌને ભણાવવા મથે છે. દીકરી નાની હતી અને તેના ઉપરનો મોહ તાજો હતો તેવામાંથી ગુણસુંદરીએ ઠરાવ કર્યો કે આને ભણાવવી.....'

'થોડા વર્ષમાં કુમુદસુંદરીનો અભ્યાસ ઘણો વધી ગયો અને આખરે તેની પોતાની બુદ્ધિ જાતે ચાલવા માંડી અને મા-બાપને પ્રમાણમાં પ્રયાસ ઓછો કરવાની અને થયેલાં પ્રયાસ સફળ થયો જોઈ આનંદ ભોગવવાની તક મળી. પરણવા પહેલા અંગ્રેજી અને સંસ્કૃતમાં પ્રવેશ થયેલો હોવાથી સંસાર ધર્મ, રસજ્ઞતા અને રસિકતા, વ્યવહાર કુશળતા, નીતિ માર્ગ આદિ ગૃહસ્થાશ્રમના દ્વારપાળો અણબોલાવ્યા પોતાનો સમય સમજી, મંદિરમાં આવતી રાણીને વણમાગ્યા સત્કાર દેવા તત્પર થઈ રહ્યા અને સંસાર સિંહાસન પર આ રાણી સાથે સ્વાભાવિક રીતે સરસ્વતીચંદ્રને શોધી નિરાશ થઈ મન પાછું ફરતું, આ સિવાય બીજી બધી બાબતમાં કુમુદસુંદરીનાં મા-બાપ દીકરીને જોઈને જગતને સ્વર્ગ સમું ગણી લેતા.... એ સમયની ભણેલી, વિનમ્ર, સર્વગુણ સંપન્ન કુમુદની તેજસ્વિતાનું દર્શન છે.'

**(૨) ચિત્ર બે : બુદ્ધિધનની પુત્રવધુ ગૃહાંગના કુમુદ**

"આવા સંસ્કારવાળી કુમુદસુંદરી બુદ્ધિધનના ઘરમાં આવી એટલે તરત એને એક નવી દુનિયામાં પેઠા જેવું લાગ્યું. દેખાવમાં તેના શરીરનો વર્ણ રૂપેરી ગોરો હતો. તેનું કાઠું નાજુક હતું. 'નાનીશી નાર ને નાકે રે મોતી' એ વર્ણનના સહાધ્યાસી સંસ્કારો તેનામાં રજ પણ ન હતી. રુઆબનો દોર તેનાથી જુદો પડતો હતો. કેટલાકને તે ગરીબ ગાય જેવી દેખાતી. કેટલાકને તે નિર્માલ્ય-માલ વગરની લાગતી તેના મુખ સામું સૌ કોઈ જોઈ શકતા. તે માત્ર મંગળ આભૂષણ અને આછાં પણ સુંદર ચિત્રવાળાં સાદાં જેવાં વસ્ત્ર પહેરતી. નાજુક-બાળકના જેવા હાથ અને તેવા જ કુમળા મેંદી મૂકેલા નાના પગ વગર તેના અંગને સર્વ ભાગ વસ્ત્રમાં ઢંકાઈ રહેતો. તેના હાવભાવ પ્રસંગે જ જોવામાં આવતા અને પ્રસંગોપાત હોવાથી કોઈનું ધ્યાન ખેંચતા ન હતા. શરદઋતુના નાનાં વાદળાં ઉપર ચંદ્રલેખા જણાય તેમ

*એના વસ્ત્ર ઉપર તેનું ઘણું ખરું આછા સ્મિતવાળું મુખ દેખાતું. તે બોલતી થોડું, પણ બોલે તે વખત રૂપાની નાની ઘંટડીના જેવો સ્વર નીકળતો અને સૌ કોઈને એનાં વચન મધુર લાગતાં....*

*...... અને એવી નાજુકતા, સુંદરતા, ચતુરાઈ અને લજ્જા, એનું લાવણ્ય અને કોમળપણું : આ સૌ કયા કયા પ્રસંગમાં કેવી કેવી રીતે દેખાતું તેનું પૃથક્કરણ કરતી અને તે પર એ સાથે હોય ત્યારે રસભેર ચર્ચા ચલાવતી....... એના ઉપર જોનાર, એને સાંભળનાર, એની સાથે બોલનાર : સૌ એક સરખાં શાંત ચંદ્રિકામાં નહાતાં હોય, અમૃત-સરોવરમાં ડૂબકી મારતાં હોય, શીતળ આનંદની વૃષ્ટિમાં ફરતાં હોય એવી નિર્દોષ રસિક વૃત્તિનો અનુભવ કરતાં....." (સર ભાગ-૧, પ્રકરણ-૨, બુદ્ધિધનનું કુટુંબ, પાનાનં.-૧૧)*

**(૩) ચિત્ર ત્રણ : વિરહીણી કુમુદ**

*'નવે ઘેર પુસ્તકો હશે જાણી તેણે જૂને ઘેરથી પુસ્તક એક પણ નહોતું આણ્યું. આ નવી સૃષ્ટિમાં જૂની સૃષ્ટિને સંભારનાર તેની પાસે એક જ વસ્તુ રહી હતી. સરસ્વતીચંદ્રે વિદ્યાચતુર પર કાગળ લખ્યો હતો તે જ ટપાલમાં એક બીજા કાગળ કુમુદસુંદરી પર પણ લખ્યો હતો. પરંતુ તેમાં માત્ર એક શ્લોક જ સોનેરી શાહી વડે લખ્યો હતો અને માત્ર તે લખનાર અક્ષરનો પરિચય હોવાથી તથા શ્લોક ઉપરથી જ કાગળ મોકલનારનું નામ કુમુદસુંદરી જાણતી હતી.'*

*'શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી,*
*થઈ રખે જતી અંધ, વિયોગથી,*
*દિનરૂપે સુભગા બની રહે, ગ્રહી*
*કર પ્રભાકરના મનમાનીતા !'*

*આ શ્લોક તેણે કોઈને બતાવ્યો ન હતો અને બતાવતી ન હતી, માત્ર કંચુકીમાં છાતી સરખો સાચવી રાખતી, એકાંત વખતે લાગ મળ્યે કાઢી જોતી, શ્લોક મોઢે થયો હતો તો પણ કાગળ વાંચી જતી, કાગળ જોઈ શ્લોક ગાઈ રોતી અને આંસુ સારતી, અને કોઈને ઠપકો દેતી હોય તેમ જોતી, ભમર ચડાવતી અને વદનકમળ સાથે લાગું દુખિયારું, દયામણું અને કોપાયમાન કરી, આકાશ સામું જોઈ, નિશ્વાશ નાખી, આંખમાંના આંસુ પોતાને જ હાથે લોહતી. અસંસ્કારી સાસરિયામાં સર્વ છાનું રાખી શકતી. (સર ભાગ-૧, પ્રકરણ-૨, બુદ્ધિધનનું કુટુંબ, પાનાનં.-૧૩)*

*અહીં પુત્રી, ગૃહાંગના અને વિરહીણી એવા ત્રણ ચિત્રો એક સાથે સર્જકે ચિતરી આપ્યા છે.*

*ગોવર્ધનરામે કુમુદમાં હિન્દુ નારીના સમસ્ત સંદેશાનો સંસાર ભર્યો છે. એ રૂપ ગુણ બન્નેમાં અવ્વલ છે, જ્યાં જાય છે ત્યાં સન્માન મેળવે છે. સાંસારિક રિવાજોના સંક્રાન્તિ કાળની અનેક વિષમતાઓમાં હોમાયેલી કુમુદમાં રંગદર્શિતા અને કરૂણાતાનું સંમિશ્રણ છે.*

- **કુમુદના પાત્રનું માતૃત્વ**

*પંચરાત્રિની યોજના જે સર્જકે નવલકથામાં કરી છે. તેમાં 'ચતુર્થ રાત્રિને પ્રભાતે' કુમુદે જગાડવા માટે એના કપાળ પર મૂકેલો હાથ પોતાની માતાનો લાગ્યો હતો. તેમાં કુમુદ એ જ રાતે પોતાને સરસ્વતીચંદ્રની જનનીના કેટલાક ધર્મ પાળવાના જે અભિલાષ જાગેલા તેને શુભ શુકન થયાનું જુએ છે. કુસુમ-સરસ્વતીચંદ્રની વિદાય લેતી કુમુદને, યોગ્ય રીતે જ, સરસ્વતીચંદ્ર 'આર્યમાતા' તરીકે સંબોધે છે.*

*સરસ્વતીચંદ્ર કહે છે.*

*'કુમુદસુંદરી ! ઘોર પાપ કરી મેં તમને અસાધ્ય દુઃખમાં નાખ્યાં તેના બદલામાં અપૂર્વ પ્રીતિજીવનનું બલિદાન આપો છો અને અતિ ઉદાર પુણ્ય કરી તમે મારા મનોરાજ્યને પાર પાડવાનાં દ્વાર ઉઘાડી આપ્યાં તે દ્વારમાં હું વજ્ર જેવા કઠણ હૃદયનો દુષ્ટ રાક્ષસ ઊભો રહું છું. ! ઓ મારી માતા ! તમે આ મારી જનનીનું કામ કર્યું તો હું હવે તમારા દુષ્ટ પુત્રના અધિકારથી પગે પડી ક્ષમા માગવાને કહું છું કે...... તમારી ક્ષમા મને તમે મારી થઈને જ આપી........' (પૃષ્ઠ-૬૬૬)*

*....... 'સરસ્વતીચંદ્ર ! ઈશ્વરલીલાના ચમત્કારથી એક ભવ અનેક ભવ થાય છે તેમ મારે તમારે થયું ! પણ સર્વ અવતારમાં - સર્વ ભવમાં – તમે મને તમારી કહી તે હું તમારી રહી છું ને રહીશ !'*

*'.... હૃદયથી આપણે હતાં તેવાં સર્વથા સર્વદા એક જ છીએ અને આપણી બેની વચ્ચે આપણી પરમ પ્રીતિનું સુપાત્ર- આ મારી – મારી જીવનમૂર્તિ – મારા સહૃદયનો આધાર – મારી કુમુસ છે તે તેવી જ રહેશે અને એને એવી જ આપના હૃદયમાં રાખજો.....' (પૃ.-૬૬૬)*

*અહીં કુમુદનો ઝડપી અને અનિવાર્ય તથા પ્રતીતિકર વિકાસ નિરૂપ્યો છે. સરસ્વતીચંદ્રને છોડી ચંદ્રકાન્ત પર નિર્ણય કરવાનો ભાર નાખવામાં આવે છે, એ કુમુદ પર છોડે છે અને કુમુદ અંતે નિર્ણય આપે છે – અહીં કલા ઔચિત્ય છે, કુમુદ નથી તો વૈધવ્યવેશ ધારણ કરતી, નથી નવું પાનેતર ઓઢતી, ભગવી કંથા ચઢી ગઈ છે તેને શોભાવીને જીવન સાર્થક્ય શોધે છે તેમાં તેનું આંતરસૌંદર્ય ઝળાંહળાં થાય છે.*

- **ગૌવિંદ સરૈયાના માયાલોકમાં કુમુદ**
- **કુમુદ : નૂતન**

*અમૂર્તતાનું વિશ્વ તે સાહિત્ય છે અને એ અમૂર્તને મૂર્ત સ્વરૂપે ઝિલે છે તે સિનેમા છે. સાહિત્યની અમૂર્તતા જ્યારે સિનેમાની મૂર્તતાનું રૂપ ધારણ કરે છે ત્યારે પડકારો પારાવારા ઊભા થાય છે. અઢારસોથી વધુ પૃષ્ઠોમાં લખાયેલી નવલને જ્યારે ૨ કલાક ૧૬ મિનિટમાં ઝિલવાની હોય ત્યારે દિગ્દર્શક કપરાં ચઢાણો ચઢે છે અને શું લેવું શું ન લેવું શું નવું ઉમેરવું અથવા તો કઈ વાત મેં કયા સંદર્ભે કઈ રીતે મૂકવી એ મથામણ સર્જકને અસમંજસમાં મૂકી આપે છે.*
*જ્યાં સુધી દિગ્દર્શક ગોવિંદ સરૈયાનો પ્રશ્ન છે. એ ખૂબ સફળતાપૂર્વક આ વૈતરણીને પાર કરે છે. નાયિકા તરીકે નૂતન (કુમુદ)ની પસંદગી દ્વારા એ પોતાનું અરધું કાર્ય આરોપી લે છે.*

*નવલકથાને ન્યાય આપતું, નવલકથાના સૂરમાં સૂર પરોવતું આ સિનેમાનું મુખ્ય પાસું તે કુમુદ તરીકેના પાત્રમાં નૂતનો અભિનય. સંવાદો દ્વારા, અંગભંગિમા દ્વારા, ભાવવાહી અવાજ દ્વારા, રંગભૂષા અને વેશભૂષા દ્વારા નૂતન પરકાયા પ્રવેશ કરીને ગુજરાતી નવલકથાના કેટલાંક ચિરસ્મરણીય પાત્રોમાંનું એક કુમુદનું પાત્ર અદ્‌ભુત રીતે જીવી જાય છે.*

*આધુનિકા લાગે પરંપરાગત સ્ત્રી હોવા છતાં સ્પષ્ટ સમજ ને પારદર્શિતાથી છલોછલ લાગે સ્ત્રી સહજ વાતવાતમાં માઠું લગાવતી કે મનથી આળી નથી લાગતી. પરંતુ સરસ્વતીચંદ્રના મનને સમજી એના કદમથી કદમ મિલાવવાની તત્પરતા દર્શાવતી નાયિકા લાગે છે.*

*નૂતનનો (કુમુદ) અભિનય, સિનેમાના પડદા પરનું ગરિમામય વ્યક્તિત્વ ખાસ કરીને બોલકી આંખો, કર્ણમધુર અવાજ એ અવાજનો રણકાર અને પારદર્શિતા નૂતના અભિનયમાં પ્રાણ પૂરે છે, એ એના પાત્રને ચિરંજીવ બનાવે છે.*

*'સરસ્વતીચંદ્ર-ભાગ-૧'ના પંદરમાં પ્રકરણની પત્ર ટેકનિકનો વિનિયોગ દિગ્દર્શક ગોવિંદ સરૈયા એ આરંભે જ કર્યો છે. માત્ર ફેર એટલો છે. નવલમાં ગુમાસ્તો ગુમાનને અને પછી એ પત્ર સરસ્વતીચંદ્રને આપે છે જ્યાં એના ઓરાડામાં મિત્ર ચંદ્રકાન્ત હાજર છે અને એ ઉદ્દીપન વિભાવનું કામ કરે છે. વાતચીત દ્વારા સરસ્વતીચંદ્રના ચિત્તમાં પ્રેમની લહેર જગવે છે. જ્યાંથી સરસ્વતીચંદ્ર અને કુમુદ વચ્ચે પત્રાચાર આરંભાય છે. નવલકથામાં એક દૃશ્ય એવું છે જ્યાં પિતા વિદ્યાચતુર પર સરસ્વતીચંદ્રનો પત્ર આવ્યો છે અને પ્રેમવશ કુમુદ એ ટેબલમાંથી ચોરીને વાંચીને પાછો મૂકી દે છે અને એ કુમુદનું પાત્ર અને .........*

*સિનેમામાં કુમુદ (નૂતન) સરસ્વતીચંદ્ર (મનીષ) તરફથી મળેલ પત્રમાં પત્ર ન લખવાની ભલામણને અંતે નોંધ મૂકીને મિત્ર ચંદ્રકાન્તને સરનામે પત્ર લખવાનું ઈંગિત આપે છે જ્યારે ઉત્ફુલ બની ઊઠતી કુમુદ એ બંને અત્યંત જુદા છે અને અત્યંત મોહક અને રોચક પણ છે.*

*કુમુદ (નૂતન)ની સરસ્વતીચંદ્ર (મનીષ)ને પામવા માટેની અભિપ્સા અને પછી અંતે સરસ્વતીચંદ્રને દુન્યવી રીતે જ નહિ પણ મન અને આત્મા, કર્મ અને વચનથી મુક્ત કરી સમષ્ટિની સેવાયાત્રામાં જોડવાનો જે અદ્ભુત વાર્તારસ છે તે પોતાના અભિનય દ્વારા નૂતન સાકાર કરી બતાવે છે.*

*નખશિખ ગુજરાતીતા કુમુદ (નૂતન)ના પાત્રમાં ઘરબાઈ છે અને એમ સફળ દિગ્દર્શક તરીકે કુમુદના પાત્રનો ઉઠાવ સિનેમાના ઈતિહાસને પણ એક યાદગાર પાત્ર-ચરિત્ર નૂતનના રૂપમાં ભેટ ધરે છે.*

*સંગીતની પરિભાષામાં કહીએ તો આરોહ-અવરોહના માધ્યમે કુમુદનું પાત્ર એની ઉંચાઈને સર કરે છે. આરંભે પ્રણયમગ્ન કુમુદ તારસ્વરે સરસ્વતીચંદ્ર માટેનો પોતાનો અનુરાગ વ્યક્ત કરે છે અને અંતે એ જ અનુરાગ એના વિશિષ્ટ વૈરાગ્યમાં પરિણમે છે એ એના પાત્રચરિત્રની ફલશ્રુતિ છે. આ બંને કળાઓમાં થઈ શક્યું છે. નવલકથાના પૃષ્ઠોમાં પથરાયેલી કુમુદ અને સિનેમાના આરંભે પ્રણય તરબોળ કુમુદ (નૂતન) જે ગાય છે 'ફૂલ તુમ્હેં ભેજા હૈ ખત મેં.....'*

*અને અંતે એ જ પાત્રમુખે મૂકાય છે. 'છોડ દે સારી દુનિયા કીસી કે લિયે યે મુનાસિબ નહી આદમી કે લિયે' આ એનો વિરાગ છે લાલ નહિ શ્વેત નહિ પણ ભગવા-કેસરી તરફની એની ગતિ છે.*

*નવલકથામાં દૃશ્ય છે, મંદિરના વાડામાં બુદ્ધિધન અને સરસ્વતીચંદ્રની મુલાકાત. ઘેર આવવાનું આમંત્રણ જ્યારે બુદ્ધિધન સરસ્વતીચંદ્ર (નવીનચંદ્ર)ને આપે છે ત્યારે સર્જક નોંધે છે. 'કુમુદની ચિત્રવૃત્તિને ગમ્યું પણ એની પતિવ્રતાવૃત્તિને ન ગમ્યું' "પ્રમાદધન મુજ સ્વામી સાચા" આ રટતી કુમુદના પાત્રનું તેજ અહીં ઝળાંહળાં થાય છે.*

*સાહિત્યની કુમુદ જ્યારે સિનેમાની કુમુદ બને છે ત્યારે બંને સમકક્ષ જોડાજોડ આસનના અધિકારી બની રહી છે. સિનેમાના આરંભથી અંત સુધી જતા કુમુદના પાત્રનું જે ઊર્ધ્વીકરણ સતત સધાય છે તેમાં નરીમાનું દશ્યાંકન, કલ્યાણજી-આણંદજીનું સંગીત તથા ઈન્દિવરના ગીતો અને અલીરઝાના સંવાદો આ મહત્વના બની રહે છે. કુમુદના પાત્રની અનેરી આભા ઉપસાવતાં પરિબળો બની રહે છે.*

*સિનેમામાં વાગદત્ત સરસ્વતીચંદ્રને પત્ર લખતી મિલનોત્સુક નાયિકા છે. અહીં રંગદર્શિતા છે, કૂતુહલ છે, વાગદત્તની સમક્ષ લજ્જાભારે નમેલી પ્રણયમાં ગળાડૂબ નાયિકા છે અહીં રોમાંચ અને આહ્લાદ છે, પ્રિયતમે ત્યાગેલી અને પતિએ નહીં સ્વીકારેલી નહિ અપનાવેલી નાયિકા અહીં અવમાનના અને રોષ છે, સંસારથી ઉપર ઉઠેલી રાગ-વિરાગથી પર વૈધવ્યને પચાવવા તૈયાર પ્રગલ્ભ સ્ત્રી, અહીં ભારતીયતાથી સભર સ્ત્રીનું દર્શન છે. આમ, ગોવર્ધનરામની માનસપુત્રિકુમુદ ગોવિંદ સરૈયાના માયાલોકનું કેન્દ્રવર્તી પાત્ર બની રહે છે.*

**સંદર્ભસૂચિ**


૧. *ઠાકર, ધીરૂભાઈ, ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા-૩, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ*
૨. *ગંગર, અમૃત, 'રૂપાંતર' (સાહિત્યથી સિનેમા) અરૂણોદય પ્રકાશન, અમદાવાદ*
૩. *પંડ્યા, ઉપેન્દ્ર છ. સરસ્વતીચંદ્ર (બૃહત્ સંક્ષેપ) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ*
૪. *કોઠારી, જયંત 'સરસ્વતીચંદ્ર : મારી નજરે' શબ્દસૃષ્ટિ : ફેબ્રુઆરી : ૨૦૧૭.*
૫. *પરમાર, નટવરપસિંહ, 'ગોવર્ધનરામનું ગદ્યવિધાન' શબ્દસૃષ્ટિ : ફેબ્રુઆરી : ૨૦૧૭.*
૬. *વ્યાસ, અભિજિત 'ફિલ્મ કલા વિચાર' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*